**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૭/૭/૨૦૧૫ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૩૬૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૪૫૬ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઇગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ રીક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૬૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૪૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૩૬૯/૧૫**

**મેઘાણીનગર :** મેઘાણીનગર વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષની પરણીતાએ તા.૬/૭/૧૫ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી સંદિપસિંહ નાથુસિંહ ઠાકુર (રહે.ગામઃ હરીચંદપુરા, તા.ભરનાથ, જી.ઇટાવા, ઉત્તરપ્રદેશ) જે પરણીતાનો કુટુંબીક નણદોઇ થાય છે. જે પરણીતાના પતિની ગેરહાજરીનો લાભ લઇ, પરણીતાનાં ઘરે આવી, છેલ્લાં ૧૫ દિવસથી તા.૬/૭/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન પરણીતાનાં પતિ અને દિકરાને જાનથી મારી નાંખવાની ધમકી આપી, અવાર-નવાર પરણીતાની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૦/૧૫**

**બાપુનગર :** જગપ્રસાદ પૃથ્વીપાલ પાંડે (રહે.અનુપમ કોલોની, ચિરાગ ડાયમંડ સામે, બાપુનગર) ના મોબાઈલ ફોન ઉપર તા.૪/૭/૧૫ કલાક ૯/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન ફોન આવ્યો હતો અને રખિયાલ પોલીસ સ્ટેશનના પી.આઇ.ઝાલા વાત કરૂ છુ તેવી ઓળખાણ આપી કહ્યુ હતુ કે મારો પુત્ર પ્રણવ સાઉથ ઈન્ડીયા જાય છે તેને તાત્કાલીક રૂપિયા ૧,૮૦,૦૦૦/- ની જરૂર છે જે અત્યારે બોમ્બે ઓપેરા હાઉસની બાજુમાં સૈફી હોસ્પીટલ પાસે છે તો તમે મને મદદ કરો અને પૈસાની વ્યવસ્થા કરી બોમ્બે પહોચાડશો.તમારા પૈસા સાંજે પોલીસ સ્ટેશનથી મારી જોડેથી મેળવી લેજો તેમ કહેતા જગપ્રસાદ પાંડેના સંબંધી દ્વારા પ્રણવ નામના વ્યક્તિને રૂપિયા ૧,૮૦,૦૦૦/- આપ્યા હતા. ત્યાર બાદ રખિયાલ પોલીસ સ્ટેશન રૂપિયા લેવા જતા, રખિયાલ પોલીસ સ્ટેશનમાં ઝાલા નામના કોઈ પોલીસ ઈન્સપેક્ટર ન હોવાથી પોતે છેતરાયા હોવાનુ માલુમ પડતા આરોપી (૧) ઝાલા નામનો માણસ અને (૨) પ્રણવ (બન્નેના પુરા નામ-સરનામાની ખબર નથી) એ ભેગા મળી પોતાની સાથે છેતરપીંડી કર્યાની ફરીયાદ જગપ્રસાદ પાંડેએ તા.૬/૭/૧૫ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રકુમાર તખતદાન ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૧/૧૫**

**સેટેલાઇટ :** મુકેશભાઇ બલવંતભાઇ ગોયેલ (રહે.મંગલ જ્યોત એપાર્ટમેન્ટ, પાંચમાં માળે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૭/૧૫ સાંજનાં ૬/30 થી રાતનાં ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પોસઈશ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૨/૧૫**

**મેઘાણીનગરઃ** અંજુબહેન પ્રદિપભાઈ ઓઝા (ઉ.વ.૨૭)(રહે.રવિ રો હાઉસ, ભાર્ગવ રોડ, મેઘાણીનગર) એ પતિએ પિયર જવાની ના પાડતાં, મનમાં લાગી આવતાં તા.30/૬/૧૫ બપોરનાં 3/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાત ઉપર ઓઇલ છાંટી, સળગી ગયા હતા. સારવાર અર્થે તેમને તપન હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૬/૭/૧૫ બપોરનાં 3/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ સગરભાઇ હરીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)